RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 356* Date: 16.10.2023,Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## મહારાષ્ટ્રમાં સમૃદ્ધિ એક્સપ્રેસ વે પર બસ કન્ટેનર સાથે અથડાતા ૧૨ લોકોના મોત



મુંબઇ,તા.૧૫

મહારાષ્ટ્રમાં એક મોટી બસ અકસ્માત સર્જાયો છે. અહેવાલ છે કે સમૃદ્ધિ એક્સપ્રેસ વે પર મુસાફરોથી ભરેલી બસ એક કન્ટેનર સાથે અથડાઈ હતી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૨ લોકોના મોત થયા છે અને ૨૩ લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. પોલીસે જણાવ્યું કે આ અકસ્માત છત્રપતિ સંભાજીનગર (અગાઉનું ઔરંગાબાદ) જિલ્લામાં સમૃદ્ધિ એક્સપ્રેસ વે પર થયો હતો જ્યાં બસ કન્ટેનર સાથે અથડાઈ હતી. અધિકારીઓના જણાવ્યા અનુસાર, અકસ્માતગ્રસ્ત ખાનગી બસમાં ૩૫ મુસાફરો હતા

જણાવવામાં આવી રહ્યું છે કે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં સમૃદ્ધિ એક્સપ્રેસ વે પર રવિવારે વહેલી સવારે આ દુર્ઘટના ત્યારે થઈ જ્યારે તેજ ગતિએ આવી રહેલી એક મિની બસે કન્ટેનરને ટક્કર મારી. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૨ લોકોના મોતના અહેવાલ છે. એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ અકસ્માત જિલ્લાના એક્સપ્રેસ વેના વૈજાપુર વિસ્તારમાં સવારે ૧૨.૩૦ વાગ્યે થયો હતો. આ સ્થળ મુંબઈથી લગભગ ૩૫૦ કિલોમીટર દૂર છે. પોલીસ અધિકારીએ જણાવ્યું કે બસ ડ્રાઈવરે વાહન પરનો કાબૂ ગુમાવ્યો, જેના કારણે બસ પાછળથી કન્ટેનર સાથે અથડાઈ.પોલીસે જણાવ્યું કે આ અકસ્માતમાં ૧૨ મુસાફરોના મોત થયા છે. મૃતકોમાં ૫ પુરૂષ, ૬ મહિલા અને ૧ સગીર છોકરીનો સમાવેશ થાય છે. અધિકારીએ જણાવ્યું કે ૨૩ અન્ય મુસાફરો ઘાયલ થયા છે અને તેમને સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

વડાપ્રધાન મોદીએ પણ આ ઘટના પર દુખ વ્યક્ત કર્યું છે અને મદદની જાહેરાત કરી છે. વડાપ્રધાન કાર્યાલયે ટ્વીટ કર્યું, ×છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં અકસ્માતને કારણે લોકોના મૃત્યુથી હું દુઃખી છું. મારા વિચારો તે લોકો સાથે છે જેમણે પોતાના પ્રિયજનોને ગુમાવ્યા છે. હું ઘાયલો ઝડપથી સ્વસ્થ થાય તેવી કામના કરું છું. મૃતકોના દરેક સંબંધીઓઁ સ્દ્ઘઈહ્વ તરફથી ૨ લાખ રૂપિયાની એક્સ-ગ્રેશિયા રકમ આપવામાં આવશે. ઘાયલોને ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવશે.×

કહેવામાં આવી રહ્યું છે કે અકસ્માતનો ભોગ બનેલા લોકો મંદિરમાં દર્શન કરવા ગયા હતા. મૃત્યુ પામેલા લોકોમાં ચાર મહિનાનું બાળક પણ સામેલ છે. બાકીના ૨૩ ઘાયલોની વૈજાપુર અને સંભાજીનગરની વેલી હોસ્પિટલમાં સારવાર શરૂ કરવામાં આવી છે. વૈજાપુર નજીક સમૃદ્ધિ હાઈવે પર જાંબાર ગામના ટોલ બૂથ પર આ અકસ્માત થયો હતો. આ દુર્ઘટના ત્યારે થઈ જ્યારે એક ઝડપી પ્રવાસી બસ પાર્ક કરેલી ટ્રક સાથે અથડાઈ. પ્રાથમિક માહિતી મુજબ તમામ મુસાફરો નાશિક જિલ્લાના પાથરડી અને ઈન્દિરાનગરના રહેવાસી છે. ટક્કર એટલી ગંભીર હતી કે ડ્રાઈવર સહિત ૧૨ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જેમાં એક ચાર વર્ષનો બાળક પણ સામેલ હતો. સ્થાનિક લોકો પાસેથી માહિતી મળ્યા બાદ તરત જ બચાવ કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. ટેમ્પો ટ્રાવેલરને સંપૂર્ણ નુકસાન થયું છે.

## જમ્મુ-કાશ્મીરના પૂંછમાં હિન્દુ અને શીખ પરિવારોને ધમકી

શ્રીનગર,તા.૧૫

જમ્મુ-કાશ્મીરના પૂંછમાં હિન્દુ અને શીખ પરિવારોને ધમકી આપવામાં આવતા સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો છે. ઘણા ઘરો પર પોસ્ટર ચોંટાડવામાં આવ્યા છે અને મકાનોને ખાલી કરી દેવાની ધમકી આપવામાં આવી છે. એવું કહેવામાં આવ્યું છે કે જો તમે આમ નહીં કરો તો તમારે ગંભીર પરિણામો ભોગવવા પડશે. આ ઘટનાથી લોકો ડરી ગયા છે. સ્થાનિકોએ પોલીસ અને સેના પાસે ધમકી આપનારા દેશ વિરોધી તત્વો સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે.

વાસ્તવમાં પૂંછ જિલ્લાનું દેગવાર સેક્ટર પાકિસ્તાન સરહદને અડીને આવેલું છે. સાંજે લોકો તેમના ઘરોની બહાર લાગેલા પોસ્ટરોને જોઈને ગભરાઈ ગયા હતા. આ પોસ્ટરો પર ઉર્દૂમાં લખવામાં આવ્યું હતું કે, ×તમામ હિન્દુઓ અને શીખ સમુદાયને ચેતવણી આપવામાં આવે છે કે આ વિસ્તાર જલદીથી છોડી દો. અન્યથા તમારે તેની ભારે કિંમત ચૂકવવી પડશે.×

આ ઘટનાની માહિતી મળતાં જ પૂંછ પોલીસ સ્ટેશનના એસએસઓ દીપક પઠાનિયા સુરક્ષા દળોની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે સરપંચની હાજરીમાં પોસ્ટરો હટાવ્યા હતા. એક પોસ્ટર એડવોકેટ મહિન્દર પિયાસાના ઘર ગીતા ભવનના મુખ્ય દ્વાર પર ચોંટાડવામાં આવ્યું હતું. બીજું પોસ્ટર અને ત્રીજું પોસ્ટર સુજાન સિંહના લૉનમાંથી મળી આવ્યું હતું.અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે એપ્રિલમાં આતંકવાદી સંગઠન પીપલ્સ એન્ટી ફાસિસ્ટ ફ્રન્ટે મોટા હુમલાની ધમકી આપી હતી. તેણે સોશિયલ મીડિયા પર ધમકીભરી પોસ્ટ કરી હતી. આમાં તેણે જમ્મુ અને દિલ્હીમાં આતંકવાદી હુમલા કરવાની ધમકી આપી હતી. તમને જણાવી દઈએ કે પીપલ્સ એન્ટી ફાસિસ્ટ ફ્રન્ટ, જૈશ-એ-મોહમ્મદ દ્વારા સમર્થિત સંગઠન છે. કલમ ૩૭૦ હટાવ્યા પછી પીપલ્સ એન્ટી ફાસીસ્ટ ફ્રન્ટ, જૈશના પ્રોક્સી સંગઠન તરીકે ઉભરી આવ્યું હતું.પીએએફએફ ઉદ્વારા સમયાંતરે સેના અને સરકારને ધમકીઓ પણ આપવામાં આવી છે.

## ઉદયનિધિ સ્ટાલિને મેચ થયેલી નારેબાજી સામે વાંધો ઊઠાવ્યો

ચેન્નાઇ,તા.૧૫

અમદાવાદમાં ભારત અને પાકિસ્તાની વચ્ચે હાઈવોલ્ટેજ મેચ રમાઈ હતી. જોકે આ મેચમાં ભારતીય ટીમને જોરદાર સમર્થન મળ્યું હતું. જેના જોરે ભારતીય ટીમે પાકિસ્તાનની ટીમને ૭ વિકેટે ધૂળ ચટાડી હતી. મેચ દરમિયાન મોદી સ્ટેડિયમ ખીચોખીચ ભરાયેલું હતું. એક લાખ જેટલા લોકોની ભીડે આ દરમિયાન જય શ્રી રામની નારેબાજી કરી ભારતીય ટીમને સપોર્ટ કર્યો હતો. જોકે હવે આ મામલે એમ.કે.સ્ટાલિનના દીકરા ઉદયનિધિ સ્ટાલિન ક્રિકેટ ફેન્સ પર બગડ્યાં છે. તેમણે આવી નારેબાજી સામે વાંધો ઊઠાવ્યો હતો.

સનાતન ધર્મનો નાશ કરવાની વાત કરી ચૂકેલા ઉદયનિધિ સ્ટાલિને આ વખતે કહ્યું છે કે ભારત તેની ખેલ ભાવના અને અતિથિના સત્કાર માટે જાણીતું છે. જોકે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પાકિસ્તાનના ખેલાડીઓ સાથે જે પ્રકારનું વર્તન કરાયું તે અસ્વીકાર્ય અને નીચલા સ્તરનું હતું. રમતને દેશોને એકજૂટ કરનાર તાકાત બનાવવી જોઈએ અને સાચા ભાઈચારાને પ્રોત્સાહન આપવું જોઈએ. તેને નફરત ફેલાવતા હથિયાર તરીકે ઉપયોગમાં લેવી ટીકાને પાત્ર છે. મેચ દરમિયાન જય શ્રી રામની નારેબાજી સાથે નમો સ્ટેડિયમ ગુંજી ઊઠ્યો હતો. ભારતીય ક્રિકેટ ફેન્સ પાકિસ્તાની ક્રિકેટર્સને ખિજવતા હતા અને ભારતીય ટીમને સપોર્ટ કરી રહ્યા હતા. મોહમ્મદ રિઝવાન સહિત અનેક પાકિસ્તાની ક્રિકેટર્સે ફેન્સની ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો.

## અમે મહિલા અનામત બિલના અમલ માટે લડીશું, આ બિલ રાજીવ ગાંધીનું સપનું છેઃ સોનિયા ગાંધી

ચેન્નાઈ,તા.૧૫

કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ કહ્યું કે વિપક્ષી ગઠબંધન 'ભારત' સંસદમાં તાજેતરમાં પસાર થયેલા મહિલા અનામત બિલને લાગુ કરવા માટે લડશે. દ્રવિડ મુનેત્ર કઝગમના પ્રમુખ અને તમિલનાડુના મુખ્ય પ્રધાન એમકે સ્ટાલિને કેન્દ્રમાં સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળની સરકારને હટાવવા માટે એકતા માટેની તેમની અપીલનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે અન્ય પછાત વર્ગો (ઓબીસી) અને લઘુમતીઓ માટે વિધાનસભા સંસ્થાઓમાં મહિલાઓના આરક્ષણમાં આંતરિક અનામતને સમર્થન આપીને ભાજપ પર 'ષડયંત્ર' કરવાનો આરોપ મૂક્યો હતો.×વિપક્ષી ગઠબંધન 'ભારત' એ માત્ર એક ચૂંટણી ગઠબંધન નથી, પરંતુ તે એક વૈચારિક ગઠબંધન છે,× તેમણે અહીં રાજ્યમાં શાસક ડીએમકે દ્વારા આયોજિત મહિલા 'અધિકાર સંમેલન'માં જણાવ્યું હતું.આ કાર્યક્રમમાં સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી, મહેબૂબા મુફ્તી અને સુપ્રિયા સુલે સહિત વિપક્ષી ગઠબંધન 'ભારત'ની અગ્રણી મહિલા નેતાઓએ ભાગ લીધો હતો.



સ્ટાલિને કહ્યું કે ભાજપને એકતાથી જ હરાવી શકાય છે અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં તમિલનાડુએ તેને રસ્તો બતાવ્યો હતો. તેમણે કહ્યું, ×દેશભરના દરેક રાજ્યમાં તમિલનાડુ જેવું સંયુક્ત જોડાણ હોવું જોઈએ.× કેન્દ્ર પર આકરા પ્રહારો કરતાં સોનિયા ગાંધીએ કહ્યું, ×છેલ્લા નવ વર્ષમાં નરેન્દ્ર મોદી સરકારે મહિલાઓને માત્ર પિતૃસત્તાક માળખું આપ્યું છે. તેમની પ્રતિબંધિત, પરંપરાગત ભૂમિકાઓને પ્રતિકોમાં રૂપાંતરિત કરવાનો સતત પ્રયાસ કરવામાં આવ્યો છે અને તેની પ્રશંસા કરવામાં આવે છે.

તેમના પતિ સ્વર્ગસ્થ રાજીવ ગાંધીએ સ્થાનિક સ્વ-શાસનમાં મહિલાઓ માટે ઐતિહાસિક ૩૩ ટકા અનામત લાવ્યા, એટલે કે પંચાયતી રાજ, જેણે પાયાના સ્તરે મહિલા નેતૃત્વના સંપૂર્ણ નવા દૃશ્યને ઉત્તેજન આપ્યું. તેમણે કહ્યું કે આ વિધાનસભા સંસ્થાઓમાં એક તૃતીયાંશ બેઠકો અનામતની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ સંસદની અંદર અને બહાર (મહિલા અનામત માટે) અગ્રણી રહી છે.

સોનિયા ગાંધીએ કહ્યું, ×હવે મહિલા આરક્ષણ બિલ આખરે પાસ થઈ ગયું છે 'માત્ર કોંગ્રેસના જ નહીં, પરંતુ આપણા બધાના અથાક સંકલ્પ અને પ્રયાસોને કારણે'. પરંતુ આપણે બધા જાણીએ છીએ કે આ દિશામાં હજુ ઘણી લાંબી મજલ કાપવાની છે.તેમણે બિલના વાસ્તવિક અમલીકરણ પર સંસદમાં વિપક્ષી સાંસદો દ્વારા કરવામાં આવેલી દરમિયાનગીરી પર પ્રકાશ પાડ્યો કે શું તે એક વર્ષમાં, બે વર્ષમાં કે ત્રણ વર્ષમાં લાગુ થશે? તેણે કહ્યું, 'અમને કોઈ ખ્યાલ નથી.' તેણે આગળ કહ્યું, ×જો કે કેટલાક પુરુષો ખુશ છે, અમે ખુશ નથી, અમે સ્ત્રીઓ ખુશ નથી.×તેમણે કહ્યું કે વિપક્ષી ગઠબંધન 'ભારત' મહિલા આરક્ષણ કાયદાના અમલ માટે લડશે.



સાહિત્ય ના પ્રખ્યાત ગઝલ ગુરુ સતીન દેસાઈ તેમના બે પુસ્તક ભેટ ધરી..

### તરહી ગઝલ

---------------

ફુગ્ગા સમી આ જીંદગી કોઇ ક્ષણે ફૂટી જશે.
કણ કણ કરી ભેગું કરેલું તેતરો લૂટી જશે.

આ કાફલો હમણા વહ્યો, પગલાં છે એના તો હજુ,
સઘળાં પછીથી રેતકણ એ ભૂસવા ઝૂંટી જશે.

આ આયના રે'શે સલામત બિંબ સૌ ફૂટી જશે.
ઝાલેલું સઘળુ એક પળમાં હાથથી છૂટી જશે.

આખુ ય ઉપવન આંખમાં આજે ભરુ સુગંધ સાથ,
એમાંનું કોઇ ફૂલ, આવીને કોઇ ચૂંટી જશે.

આપ્યુ જગતદાતાએ છે જે આપવા અન્યોને કાજ
લૂંટાવીએ, એ પે'લા કે સઘળા શ્વસન ખૂટી જશે.

-લતા ભટ્ટ( હૈદરાબાદ )

### આ જીવનમાં ?

મિથ્યાભિમાન શાનું, કરવાનું આ જીવનમાં ?
મન ધારણા મુજબનું, ક્યાં થાતું આ જીવનમાં ?

જળ છે જીવન છતાંયે, જ્યાં ઢાળશો ત્યાં ઢળશે,
અભિમાન ખોટું લઈ ક્યાં, ટકવાનું આ જીવનમાં ?

ખેતર અહમનું સીંચી, રાવણ તો માન હાર્યો,
મોભા વિનાનું કેમે, નભવાનું આ જીવનમાં ?

મિથ્યા આ મદ હવામાં, તરતો એ પોપટો છે,
ક્ષણમાંજ ફૂટી જઈને, ખરતું એ આ જીવનમાં.

ક્ષણ બાદ શું થવાનું, ક્યાં છે ખબર અગમની ?
ઈર્ષાના પડને તોડી, દેવાનું આ જીવનમાં.

સુખ દુઃખને તો જીવનની, ફિતરત ઘણીને રહેવું, ઇચ્છાના
ચીર સાંધી, સજવાનું આ જીવનમાં.

અભિમાનનો ઘડો જો, છલકે તો થાય પડતી,
બસ, નિરભિમાન હૈયું, ઘડવાનું આ જીવનમાં.

પારૂલ ત્રિવેદી 'પારુ'. હિંમતનગર

### ★વારસો★

માતા પિતાના સંસ્કાર નો વારસો,
પેઢીઓનાં રીત રીવાજો નો વારસો.

ભારતીય સંસ્કૃતિના જતનનો વારસો,
એવી કલાકારી કારીગરી નો વારસો.

ભાવના આતિથ્ય ની સેવાનો વારસો,
મીઠાં આવકાર નો એ મીઠડો વારસો?.

પ્રસંગોમાં વડીલોનાં આશિષનો વારસો,
શુભ પ્રસંગે કંસાર બનાવવાનો વારસો.

ભારત દેશમાં ભાતિગળ મેળાનો વારસો
જ્યાં નદીને માતા કહેવાય એ વારસો..

★કોપી આરક્ષિત★ ★શ્ર
★ભાવના ભટ્ટ અમદાવાદ★

### કામની છે.

નનામી ભલે તોય એ નામની છે.
થશે રાખ તો રાખ શું કામની છે?

નશો એમની આંખમાં છે ગુલાબી,
છતાં એની તો માંગણી જામની છે.

અમીરો, ગરીબો, મહેલો, મકાનો,
ફરક એટલો માપણી દામની છે.

હજીતો કિનારો ઘણો દૂર લાગે,
શિલાઓ તરે જેટલી, રામની છે.

ખરાઈ કરાશે અમારી ખુમારી,
પછી જાણજો કેટલા કામની છે.

- દિવ્યા મંડલી. અમદાવાદ

તંત્રી લેખ......

# હરિયાણામાં ફ્લેવર્ડ હુક્કા પર પણ પ્રતિબંધ

રેસ્ટોરાં અને ક્લબમાં હર્બલની આડમાં પીરસાતા ફ્લેવરવાળા હુક્કા પર પણ પ્રતિબંધ રહેશે. ફ્લેવરવાળા હુક્કાને હાનિકારક ગણાવતા હરિયાણાના ગૃહ વિભાગે તમામ પોલીસ કમિશનરો અને ડેપ્યુટી કમિશનરોને તાત્કાલિક પગલાં લેવાનો આદેશ આપ્યો છે. ગૃહ વિભાગે એવો પણ નિર્દેશ આપ્યો છે કે હુક્કાના પરંપરાગત અને વ્યક્તિગત ધૂમ્રપાન પર કોઈ પણ પ્રકારનો પ્રતિબંધ નથી.

બે અઠવાડિયા પહેલા મુખ્યમંત્રી મનોહર લાલે એક જાહેર સભા દરમિયાન હરિયાણામાં કોમર્શિયલ હુક્કાબાર પર પ્રતિબંધની જાહેરાત કરી હતી. આ સૂચના બાદ ગૃહ વિભાગે હુક્કાબાર પર પ્રતિબંધ અંગે માર્ગદર્શિકા જાહેર કરી છે. આ મુજબ રાજ્યમાં હોટલ, રેસ્ટોરન્ટ, બાર અને નાઈટ ક્લબમાં તમાકુની સાથે ફ્લેવરવાળા હુક્કા પીરસવા પર પ્રતિબંધ રહેશે.

હોમ સેક્રેટરી ટીવીએસ સોન પ્રસાદ દ્વારા જારી કરાયેલા પત્ર અનુસાર હરિયાણાના વિવિધ જિલ્લાઓમાં તમાકુ અને ફ્લેવર્ડ હુક્કા પીરસવાનું કામ ચાલી રહ્યું છે. ઘણી જગ્યાએ પ્રતિબંધિત માદક દ્રવ્યો પણ તમાકુ સાથે ભેળવવામાં આવે છે. તે જ સમયે, એવું પણ જોવામાં આવ્યું છે કે સ્વાદ વધારવા માટે તેમાં અનેક પ્રકારની ઔષધિઓ ઉમેરવામાં આવે છે. યુવાનોને તેમાં લલચાવવામાં આવે છે, જે પાછળથી આદતમાં ફેરવાઈ જાય છે.

તેમણે કહ્યું કે સ્વાદવાળા હુક્કામાં નિકોટિન ગેરહાજર હોઈ શકે છે પરંતુ આવા સ્વાદવાળા હુક્કામાંથી નીકળતા ધુમાડામાં કાર્બન મોનોક્સાઇડ અને પોલિસાયક્લિક એરોમેટિક હાઈડ્રોકાર્બન, અસ્થિર એલ્ડીહાઇડ્સ અને ભારે ધાતુઓ હોય છે. તેની સીધી અસર હૃદય પર પડે છે. તેના કારણે ફેફસાના રોગો પણ વધે છે. પાછળથી તે ગંભીર રોગોનું કારણ બને છે. આ ફ્લેવર્ડ હુક્કા પીરસવા પર પણ પ્રતિબંધ રહેશે. જો કોઈ હોટલ, રેસ્ટોરન્ટ કે ક્લબમાં તમાકુ અને ફ્લેવર્ડ હુક્કો પીરસવામાં આવે તો તેની સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

# નવરાત્રિ માં કંઈ કંઈ કાળજી રાખવાની જરૂર છે.?

આપણા ગુજરાતમા યુવાનો યુવતીઓ નવરાત્રીની રાહ જોતા હોય છે તનમનની બધી ચિંતાઓને મૂકીને ગરબારૂપી આનંદના હિંડોલે ઝુલવાનો અવસર એટલે નવરાત્રી.

તમને ખબર છે ગરબા એ તો નવરાત્રીનું બહારનું ક્લેવર છે ખરેખર નવરાત્રી અંદરથી મા દુર્ગા જેવી શક્તિ પ્રાપ્ત કરવાનો અવસર છે.

નવરાત્રી એટલે માતૃશક્તિની આરાધનાના દિવસો છે.નવરાત્રી સ્ત્રી શક્તિને પોખવાનો અવસર છે.સ્ત્રી શક્તિનો મહિમા કરવાનો અવસર છે.

દુનિયામાં કોઈ એવો તહેવાર નહી હોય જેમાં સ્ત્રી શક્તિના આટલા ગુણગાન ગવાતા હોય એની પુજા આરતી ભક્તિ વંદના થતી હોય અને સ્ત્રીને હૃદયના ભાવથી માન સન્માન અપાતા હોય રાજા મહારાજા અરે ખુદ ભગવાન પણ શુભ કામની શરૂઆતમા કે વિદનોના નાશ માટે આ શક્તિની આરાધના કરતા હોય છે પણ અફસોસ દુ:ખની વાત એ છે કે આ સ્ત્રીશક્તિને ખુદ સ્ત્રી જ નહી આંખો સમાજ કોઈને કોઈ રીતે અવગણી રહ્યો છે.

સ્ત્રી પોતાની બધી શક્તિઓને કેન્દ્રિત કરી રાક્ષશોનો પણ નાશ કરી શકે છે

સ્ત્રી પોતાની આત્મિક અને આધ્યાત્મિક શક્તિ વડે આખા જગતને નમવા મજબુર કરી શકે છે જે સોળે શણગાર સજવાની સાથે હાથમા શસ્ત્ર પણ રાખી શકે છે જે પ્રેમની સાથે પુણ્યપ્રકોપ પણ હ્દયમા સળગતો રાખે જેથી કોઈ નજર અંદાજ ના કરે અને કરવા જાય તો પરિણામ ભોગવવું પડે.

ટુકમાં નવરાત્રીમા આપણા નમાલા પણાને કાઢીને હક અધિકાર સત્ય માટે લડવાનું છે ત્યાગ સમાધાન સમર્પણના નામે અન્યાય સહેવાનો નથી મુશ્કેલીઓ આવે તો પણ કોઈ ખોટા તત્વો સામે ખુદને અબળા સાબિત કરવાની નથી.

સ્ત્રીઓ શક્તિ છે સરસ્વતી છે લક્ષ્મી છે દુર્ગા છે અંબા છે કાલિકા છે એ બિચારી અને બાપડી નથી એ અહેસાસને જગાડીને ગૌરવભેર જીવવાનું છે

દૂર્યોધન દુશાસનો જ્યાંરે વારંવાર ઈતિહાસનું પુનરાવર્તન કરે અને મણિપુરની ઘટનાઓ બંને ત્યારે મૌન રહેનાર સ્ત્રીઓ મા દુર્ગાનું અપમાન કરે છે નવરાત્રીમા માતાનો એજ સંદેશ છે સૌંદર્યની સાથે શસ્ત્ર અને શાસ્ત્રને પણ સાથે રાખો જેથી દુનિયામાં વારંવાર બેઈજ્જત થવું પડે નહી.

નવરાત્રી આપણા ધરમ અને સમાજનો જ નહી આર્થિક રીતે પણ એક મહત્વનો ભાગ બની ગઈ છે.એ લાખો લોકોને રોજગારી આપે છે ગીત સંગીતમા પણ નવા નવા સર્જનો અને કલાકારો આપે છે આપણી સંસ્કૃતિ નવા વેશમાં રજુ થાય છે અને સતત તનાવમાં રહેતા યૌવનધનને તાણ અને ચિંતામાંથી મુક્ત કરે છે.

યુવાનોમાં આટલો બધો થનગણાટ નવરાત્રી સિવાય ક્યાય જોવા મળશે નહી.

યુવતીઓએ ખાસ કાળજી લેવાની જરૂર છે દાંડિયાની સાથે જરા આકર્ષણ પણ થાય છે આ આકર્ષણથી યુવતીઓ વિવેક અને મર્યાદા ચુકી જાય છે સંયમની પાળ તૂટી જાય છે એક ખોટું પગલું અનેંક અનર્થ સર્જે છે.આવા સંબધો અને આવા ખોટા પગલાંથી દરેક યુવતીઓએ ખાસ ચેતવા જેવું છે ગરબાના મેદાન સિવાય યુવતીઓએ ક્યાય જવાનું નથી ના પ્રેમી સાથે કે ના નવા નવા બોયફ્રેન્ડ બનેલા યુવાન સાથે ક્યાય જવાનું નથી હોટલના એકાંતના કે કોઈ મિત્રના ખાલી ફ્લેટમાં



હરગીજ જવાનું નથી પ્રેમી કે બોયફ્રેન્ડ ગમે તે વાતો કરે લાલચો આપે ઈમોશનલી બ્લેકમેલ કરે તો પણ બિલકુલ નહી અને હા એક અગત્યની વાત એ છે કે ડ્રિંક્સ જરા પણ લેવાનું નથી એક ઘૂંટડો પણ પીવાનું નથી ડ્રિન્કમા મિલાવટ નશાની ઘેનની ટીકડીઓ મિક્ષ કરેલી હોય શકે છે

તમારી સેફટી સલામતી તમને જ રાખવાની છે પ્રેમ અને હવસ વચ્ચેનો તફાવત બરાબર સમજી લેવાની જરૂર છે

મોકાનો ગેરલાભ ઉઠાવવાલાથી ચેતી જજો

એક દિવસની તમારી ભુલ ભવિષ્યમા તમને બહુ મોટુ નુકસાન કરી શકે છે તમારી સગાઈમાં તકલીફો પડી શકે છે તમારા લગ્નમાં અડચણો આવી શકે છે તમારા બાળક માટેની તમારી ઈચ્છા કદાચ ના કરે નારાયણ એમાં પણ સમસ્યાઓ ઊભી થી આપણા ગુજરાતમા યુવાનો યુવતીઓ નવરાત્રીની રાહ જોતા હોય છે તનમનની બધી ચિંતાઓને મૂકીને ગરબારૂપી આનંદના હિંડોલે ઝુલવાનો અવસર એટલે નવરાત્રી.

તમને ખબર છે ગરબા એ તો નવરાત્રીનું બહારનું ક્લેવર છે ખરેખર નવરાત્રી અંદરથી મા દુર્ગા જેવી શક્તિ પ્રાપ્ત કરવાનો અવસર છે.

નવરાત્રી એટલે માતૃશક્તિની આરાધનાના દિવસો છે.નવરાત્રી સ્ત્રી શક્તિને પોખવાનો અવસર છે.સ્ત્રી શક્તિનો મહિમા કરવાનો અવસર છે.

દુનિયામાં કોઈ એવો તહેવાર નહી હોય જેમાં સ્ત્રી શક્તિના આટલા ગુણગાન ગવાતા હોય એની પુજા આરતી ભક્તિ વંદના થતી હોય અને સ્ત્રીને હૃદયના ભાવથી માન સન્માન અપાતા હોય રાજા મહારાજા અરે ખુદ ભગવાન પણ શુભ કામની શરૂઆતમા કે વિદનોના નાશ માટે આ શક્તિની આરાધના કરતા હોય છે પણ અફસોસ દુ:ખની વાત એ છે કે આ સ્ત્રીશક્તિને ખુદ સ્ત્રી જ નહી આંખો સમાજ કોઈને કોઈ રીતે અવગણી રહ્યો છે.

સ્ત્રી પોતાની બધી શક્તિઓને કેન્દ્રિત કરી રાક્ષશોનો પણ નાશ કરી શકે છે

સ્ત્રી પોતાની આત્મિક અને આધ્યાત્મિક શક્તિ વડે આખા જગતને નમવા મજબુર કરી શકે છે જે સોળે શણગાર સજવાની સાથે હાથમા શસ્ત્ર પણ રાખી શકે છે જે પ્રેમની સાથે પુણ્યપ્રકોપ પણ હ્દયમા સળગતો રાખે જેથી કોઈ નજર અંદાજ ના કરે અને કરવા જાય તો પરિણામ ભોગવવું પડે.

ટુકમાં નવરાત્રીમા આપણા નમાલા પણાને કાઢીને હક અધિકાર સત્ય માટે લડવાનું છે ત્યાગ સમાધાન સમર્પણના નામે અન્યાય સહેવાનો નથી મુશ્કેલીઓ આવે તો પણ કોઈ ખોટા તત્વો સામે ખુદને અબળા સાબિત કરવાની નથી.

સ્ત્રીઓ શક્તિ છે સરસ્વતી છે લક્ષ્મી છે દુર્ગા છે અંબા છે કાલિકા છે એ બિચારી અને બાપડી નથી એ અહેસાસને જગાડીને ગૌરવભેર જીવવાનું છે

દૂર્યોધન દુશાસનો જ્યાંરે વારંવાર ઈતિહાસનું પુનરાવર્તન કરે અને મણિપુરની ઘટનાઓ બંને ત્યારે મૌન રહેનાર સ્ત્રીઓ મા દુર્ગાનું અપમાન કરે છે નવરાત્રીમા માતાનો એજ સંદેશ છે સૌંદર્યની સાથે શસ્ત્ર અને શાસ્ત્રને પણ સાથે રાખો જેથી દુનિયામાં વારંવાર બેઈજ્જત થવું પડે નહી.

નવરાત્રી આપણા ધરમ અને સમાજનો જ નહી આર્થિક રીતે પણ એક મહત્વનો ભાગ બની ગઈ છે.એ લાખો લોકોને રોજગારી આપે છે ગીત સંગીતમા પણ નવા નવા સર્જનો અને કલાકારો આપે છે આપણી સંસ્કૃતિ નવા વેશમાં રજુ થાય છે અને સતત તનાવમાં રહેતા યૌવનધનને તાણ અને ચિંતામાંથી મુક્ત કરે છે.

યુવાનોમાં આટલો બધો થનગણાટ નવરાત્રી સિવાય ક્યાય જોવા મળશે નહી.

યુવતીઓએ ખાસ કાળજી લેવાની જરૂર છે દાંડિયાની સાથે જરા આકર્ષણ પણ થાય છે આ આકર્ષણથી યુવતીઓ વિવેક અને મર્યાદા ચુકી જાય છે સંયમની પાળ તૂટી જાય છે એક ખોટું પગલું અનેંક અનર્થ સર્જે છે.આવા સંબધો અને આવા ખોટા પગલાંથી દરેક યુવતીઓએ ખાસ ચેતવા જેવું છે ગરબાના મેદાન સિવાય યુવતીઓએ ક્યાય જવાનું નથી ના પ્રેમી સાથે કે ના નવા નવા બોયફ્રેન્ડ બનેલા યુવાન સાથે ક્યાય જવાનું નથી હોટલના એકાંતના કે કોઈ મિત્રના ખાલી ફ્લેટમાં હરગીજ જવાનું નથી પ્રેમી કે બોયફ્રેન્ડ ગમે તે વાતો કરે લાલચો આપે ઈમોશનલી બ્લેકમેલ કરે તો પણ બિલકુલ નહી અને હા એક અગત્યની વાત એ છે કે ડ્રિંક્સ જરા પણ લેવાનું નથી એક ઘૂંટડો પણ પીવાનું નથી ડ્રિન્કમા મિલાવટ નશાની ઘેનની ટીકડીઓ મિક્ષ કરેલી હોય શકે છે

તમારી સેફટી સલામતી તમને જ રાખવાની છે પ્રેમ અને હવસ વચ્ચેનો તફાવત બરાબર સમજી લેવાની જરૂર છે

મોકાનો ગેરલાભ ઉઠાવવાલાથી ચેતી જજો

તમારી સગાઈમા તકલીફો પડી શકે છે તમારા લગ્નમાં અડચણો ઊભી થઈ શકે છે તમારી એક દિવસની ભુલ તમારી આખી જિંદગી પર ભારી પડી શકે છે તમારા પરિવારને અનેંક મુસીબતોનો સામનો કરવો પડી શકે છે

અબ્બાસભાઈ કૌકાવાલા,સુરત

# બિગ બોસ સિરિયલમાં રાજુ રદીને કોઇ પણ રીતે સ્પર્ધક તરીકે એન્ટ્રી લેવી છે!!!

" ગિરધરભાઈ. તમને કંઈ ખબર છે?" રાજુ રદીએ સવાલમાં પાંચશેરી મારી. આ સવાલનો વાચ્યાર્થ, ભાવાર્થ અને ગુઢાર્થ માત્ર રાજુ જાણતો હોય. આપણે મન કી બાત જેમ સાંભળવાનું! મન કી બાત તો વન વે જ હોય ને??

" રાજુ. મારે શેની ખબર રાખવાની છે, શેની ખબર પૂછવાની છે? કોની ખબર લેવાની છે?" મેં મૂઢ માણસની જેમ રાજુ પર સવાલોના તડતડિયા ફેંક્યા.

" તમે ટીવી -બીવી જુઓ છો કે નહીં??" રાજુએ વધુ સવાલ પૂછ્યો. માનો કે મારા ઘરે ઈડી-સીબીઆઈના અધિકારી રેડ ન કરતા હોય!!

" જો, ટીવીમાં બખાળા સિવાય કંઇ આવતું નથી. હવે આ ઉંમરે બીવીમાં જોવા જેવું કાંઇ બચ્યું છે કે તે સવાલ છે?? બીજા મૂડીરોકાણ પર ધ્યાન આપીએ તો યુક્રેન-રશિયા જેવું શૌકયયુધ્ધ ફાટી નીકળવાની ભીષણ સંભાવના રહેલી છે.!!કે હમાસે ઈઝરાયલ પર કરેલ લાઈવ હુમલા જેવું છે."મેં રાજુને કહ્યું .

" ગિરઘરભાઈ . બિગ બોસ સિઝન -૧૭ મી સિઝન પંદરમી ઓકટોબરે શરૂ થઈ રહી છે. આ વખતે કપલ દૃજ સિંગલ 'બિગ બોસ ૧૭'ની થીમ રાખવામાં આવી છે. આ વખતે શોમાં કેટલાક ચહેરા કપલ અને સિંગલ સ્પર્ધકો વચ્ચે જોરદાર સ્પર્ધા જોવા મળશે.!!" ખુફિયા માહિતી આપતો હોય તેમ રાજુએ ઘટસ્ફોટ કર્યો.

" રાજુ. બિગ બોસ સિરિયલ કોઇ વિદેશી સિરિયલનું ભારતીય વર્ઝન છે. બિગ બોસ નું ભારતીય અનુકૂલન છે. ભારતમાં પ્રથમ વખત ૨૦૦૬ માં પ્રસારણ શરૂ કર્યું હતું. દર વરસે સિરિયલ ટેલિકાસ્ટ થાય છે. રિયાલિટી શો હોવા છતાં, ઘણીવાર તેની પ્રામાણિકતા અને 'વાસ્તવિકતા' પર સવાલ ઉભા કરે છે. આથી ચાહકો અને અન્ય લોકોએ આ શોને ફિક્સિંગ અને ગફલાબાજી કરવાનો આરોપ મૂકાય છે.

એકાદવાર અમિતાભ બચ્ચને સિરિયલ હોસ્ટ કરેલા. બાકી બુલબુલ ,સોરી ચુલબુલ પાંડે ફેઈમ સલમાન કાયમી ધોરણે સિરિયલનો હોસ્ટ હોય છે. જૂના જમાનામાં ચોવટ થતી હતી તે ટાઈપનો વાહિયાત કાર્યક્રમ છે. ટંટાફિસાદ, ગાલીગલોચ, રોનાધોના, લડવા ઝઘડવાનું પ્લેટફોર્મ છે. સ્ક્રિપ્ટેડ કન્ટેન્ટ હોય છે. બિગ બોસ ઓટીટી પ્લેટફોર્મ પર પણ પ્રસારિત થાય છે!!ઓટીટી પ્લેટફોર્મના હિટ રિયાલીટી શો 'બિગ બોસ ઓટીટી ૨'ના વિનરનું ટાઇટલ એલ્વિશ યાદવને મળ્યું હતું. એલ્વિશે ગ્રાન્ડ ફિનાલેમાં અભિષેક મલ્હાનને હરાવીને આ જીત પોતાના નામે કરી લીધી છે. ખાસ વાત એ રહી કે એલ્વિશ પહેલો એવો કન્ટેસ્ટન્ટ છે, જેને વાઈલ્ડ કાર્ડમાં એન્ટ્રી મળી હતી અને હવે તેણે આ શો જીતીને નવો રેકોર્ડ બનાવ્યો છે."મેં રાજુને બિગબોસ કથા કહી.

" ગિરધરભાઈ., બિગ બોસના સેટ કેવા ટનાચન હોય છે. તેમાં ટાસ્ક આપે છે તે ઈનોવેટીવ હોય છે. સ્પર્ધકો જાતે રાંધે, વાસણો સાફ કરે,,ઘર ચોખ્ખું રાખે. કેવો અદ્ભૂત આઈડિયા છે. " રાજુએ બિગ બોસનો કસીદો પઢયો!!

"રાજુ. બિગબોસમાં જનાર વ્યકિતએ ટીવી, મોબાઈલ, ફેસબુક, વોટસએપ , ઈન્સ્ટાગ્રામ, ટેલિગ્રામ વગેરે પ્લેટફોર્મથી સ્પર્ધાનાં યમયગાળા સુધી દૂર રહેવું પડે છે. વર્તમાનપત્રો પણ મળતા નથી. ઘર, પરિવાર , વ્યવસાયથી પણ અલિપ્ત રહેવું પડે. સમાજની હદમાંથી હદપારી થઈ જવાનું. આવી રીતે રહેવું એ કપરૂં કામ છે. બિગબોસના સ્પર્ધકને ફી તરીકે તગડી રકમ મળે છે!!" બિગ બોસની પ્રથમ સિઝનમાં રાહુલ રોય ,બીજી સિઝનમાં આશુતોષ કૌશિક, ત્રીજીમાં વિધુ દારાસિંહ, ચોથીમાં ચુલબુલી ટીવી એકટ્રેસ શ્વેતા તિવારી,પાંચમીમાં જુહી પરમાર, છંઠીમાં ખુંખાર સુંદર વિલન ઉર્વશી ધોળકિયા,સાતમીમાં ગોહરખાન, આઠમીમાં ગૌતમ ગુલાટી, નવમીમાં પ્રિન્સ નારુલા, દસમીમાં મનવીર ગુર્જર, અગિયારમીમાં ભાભીજી ઘર પર હૈની પ્રથમ અંગુરીભાભી બનેલી શિલ્પા શીંદે,બારમીમાં સસુરાલ સિમરકીની અભિનેત્રી દિપિકા ખખ્ખર, તેરમીમાં બાલિકા વધૂ સિરિયલમાં કલેકટરનું પાત્ર બખૂબીથી નિભાવનાર અભિનેતા સિધ્ધાર્થ શુકલા, ચૌદમીમાં શક્તિ -અસ્તિત્વ કે અહેસાસમાં થર્ડ જેન્ડરનું પાત્ર ભજવનાર અભિનેત્રી રુબીના ધિલ્લક,પંદરમીમાં તેજસ્વિની પ્રકાશ અને છેલ્લી સિઝનમાં જેને ડાર્ક હોર્સ માનવામાં આવતો હતો તે એમસી સ્ટાન ચેમ્પિયન બનેલ. બિગબોસના સ્પર્ધકોને બોનસમાં રોહિત શેટીના દિલધડક ખતરો કે ખિલાડી શોમાં ઓડિશન આપ્યા સિવાય કામ કરવાની ખતરીલી તક મળે છે!!!"મેં રાજુને બિગ બોસ શોની પૂરક માહિતી આપી.

" ગિરઘરભાઈ . તમે બિગ બોસમાં કેમ ભાગ લેતા નથી?તમને ફેઈમ, ફોર્ચ્યુન અને ફન માટે કોઈ આકર્ષણ નથી??" રાજુએ સેન્સેનલ સવાલ કર્યો!!

" જો રાજુ. મેં રોગોનું બાર માસનું લવાજમ ભરેલ છે.હું બીપી અને ડાયાબીટીસનો પેશન્ટ છું . હું તને કોઈ એંગલથી કવિ કાલિદાસ લાગુ છું કે જેણે ખુદ( કાલિદાસ ) જે ડાળી પર બેઠા હતા તેની પર કુહાડી મારી હતી!!આ બેલ મુજે માર કે પડ પાણા પગ પર જેવા સ્વઆત્મઘાતી પગલા લેવામાં માનતો નથી!!હાથે કરીને બીપી વધારવા કે એન્કઝાઈટી વધારીને તબિયત બગાડવાના મતનો નથી. એટલે હું બિગ બોસમાં ક્યારેય ભાગ ન લઉં!!! મેં ધમાલિયા કાર્યક્રમ તરફ નારાજગી વ્યક્ત કરી.

" ગિરધરભાઈ. બિગબોસમાં એન્ટ્રીમાં અનામતના નિયમોનો અમલ થતો હશે. સ્પર્ધકોની કુલ સંખ્યાના ૩૦ % મહિલા માટે અનામત રાખતા હશે? એસસી અને એસટી માટે કેટલી અનામત રાખતા હશે? ગરીબીરેખા નીચે જીવતા લોકોને બિગ બોસમાં એન્ટ્રી મળતી હશે ?? " હું બિગ બોસનો એકસપર્ટ હોય તેમ રાજુએ મને પૂછ્યો.

" રાજુ. બિગ બોસ શું કોઈ સરકારી યોજના છે? બિગ બોસ ગરીબ કલ્યાણ મેળો નથી કે દિન દયાળ હંગામી આવાસ યોજના નથી!!બિગ બોસ પ્રધાનમંત્રી કિસાન સન્માન વિધિ યોજના કે વીમા ફસલ યોજવા નથી . વિપક્ષના રેડીયો એકટિવ કચરા જેવી નિઠલ્લા , નકારા નિકમ્મા નેતાને કે જે કઘોયા કપડા જેવા છે જેમને આપણા પક્ષના વોશિંગ મશીનમાં નાંખી ધોઈ નાંખી મંત્રી બનાવવાની ઓપરેશન લોટસ સ્કિમ નથી!! ગરીબોને પાંચ કિલો અનાજ વિતરણ યોજના નથી."મેં રાજુને કહ્યું.

" ગિરધરભાઈ. બિગ બોસમાં વાઈલ્ડ કાર્ડથી સ્પર્ધકને એન્ટ્રી આપવામાં આવે છે. મારે બિગ બોસમાં એન્ટ્રી લેવી છે. શું કરવું?" આજકાલ રાજુની મહત્વાકાંક્ષા સાપ ફૂંફાડા મારે તેમ વધતી જાય છે.

"રાજુ બિગ બોસ સરાઈ કે સદાવ્રત નથી કે ગમે તે એરાગેરા સ્પર્ધક તરીકે જઈ શકે! વિવાદાસ્પદ કે સેલિબ્રિટી ટાઈપના લોકોને સ્પર્ધક તરીકે લેવા ચેનલવાળા સામેથી સંપર્ક કરે છે" મેં રાજુના મનસુબા પર પાણી ફેરવ્યું.

" ગિરધરભાઈ. હું તમારી કોલમનું અગત્યનું પાત્ર છું. હું સેલેબ્રિટી કેમ ન કહેવાઉં?" રાજુએ સેલિબ્રિટી હોવાનો દાવો રજૂ કર્યો.

" રાજુ. મારી કોલમનું હું ,તું અને મંગળદાસ જેવું છે. ગણીને પૂરા સાડા ત્રણ વાંચક છે. કોલમ લેખક સેલિબ્રિટી ના હોય તો પાત્ર કયાંથી સેલિબ્રિટી હોય??" મેં સેલિબ્રિટીના દાવાનું ફીંડલું વાળ્યું!!

રાજુ મેટ્રિક ટન મેટ્રિક ટનના નિસાસા નાંખતો ભાંગેલા પગા, મમગૃહથી સ્વગૃહે જવા નીકળ્યો!!

ભરત વૈષ્ણવ

# ★નવરાત્રી નવ વિલાસની ભાવ ભાવના★

★શ્રી સ્વામીનીજીએ પ્રભુ મિલનના પ્રયોજનથી નવવિલાસનો આરંભ કર્યો★

★નવધા ભક્તિરૂપ નવ દિવસ સાત્વિક, રાજસ, તામસ ભક્તોને વિવિધ સામગ્રી અને અનેક મનોરથ કરી પ્રભુને પધરાવ્યા અને પ્રભુએ પણ ભક્તોના મનોરથ પૂર્ણ કર્યા★

★વિલાસનો અર્થ વિલસવું અર્થાત ખેલવું શ્રીઠાકોરજી સાથે રમવું. પ્રભુને ગમે. શ્રીઠાકોરજી સાથે કોણ ખેલે?★

★ત્યારે કહે છે સાત્વિક, રાજસ, તામસ બધાં ભક્તો ખેલે પોતાની નવધા ભક્તિ અને પ્રેમલક્ષણા ભક્તિ સાથે. આ નવધા ભક્તિપૂર્વક પ્રભુને નવ જુદા જુદા સ્થાન પર પ્રભુ સાથેનો વિલાસ ખેલ, તે પ્રેમલક્ષણામાં રૂપાંતર થાય આવી સુંદર પ્રેમલક્ષણા ભકતી પ્રભુ પોતાની નવ સહચરી સાથે જુદા જુદા વનમાં ખેલે છે તેના ભાવ અભિવ્યક્ત કરતાં નવ વિલાસના પદો.★

પ્રથમ વિલાસ

પ્રથમ વિલાસ કિયો શ્યામા જુ ,
કીનો વિપિન વિહાર જુ
ઉનકે બિધ કી શોભા બરનો ,
કહત ન આવે પાર જુ ૧

વાંકે યુથ કી ગણના નહી ,
નિર્ગુણ ભક્ત કહાવે,
વાકી સંખ્યા કહત ન આવે ,
શેષ હું પાર ન પાવે, ૨

ઘોષ ઘોષ પ્રતિ ગલિન ગલિન પ્રતિ ,
રંગ રંગ અંબર સાજે,
કિયો શૃંગાર નખ શીખ અંગ યુવતી ,
જયો કરીણીમધ્ય રાજે, ૩

બહુ પૂજા લે ચલીવૃંદાવન ,
પાન ફૂલ પકવાને,
તકે યુથ મુખ્ય ચંદ્રાવલી ,
ચન્દ્ર કલાસી વાને, ૪
પહોંચી જાય નિકુંજ ભવન મે ,
દરસી વૃંદા દેવી,
તાકે પદ વંદન કરી માંગ્યો ,
શ્યામ સુંદર વર એવી, ૫

તિહિ છિનું પ્રભુજી આપ પધારે ,
કોટિક મન્મથ મોહે,
અંગ અંગ પ્રતિ રૂપ રૂપ પ્રતિ ,
ઉપમા રવિ શશી કો હે, ૬

દ્વે જુગ જામ શ્યામ શ્યામા સંગ ,
કેલી વિવિધ રંગ કીને,
ઉઠત તરંગ રંગ રસ ઉછલિત ,
"દાસ રસિક" રસ પીને, ૭

દ્વિતીય વિલાસ

દ્વિતીય વિલાસ કિયો શ્યામજુ,
ખેલ સમસ્યા કીની.
તાકી મુખ્ય સખી લલીતાજી,
આનંદ મહારસ ભીની.

ચલી સંકેત બિહાર કરન,
બલિ પૂજા સાજિ સંપૂરન.
બહુ ઉપકાર ભોગ પાયસ લૈ,
બાંહ હલાવત મૂરન.
મંદિર દેવી ગાન કરત,
યશ આય મિલે ગિરિધારી.
મનકો ભાયો ભાયો સબનકો,
કામ વેદના ટારી,
શ્યામાકો શૃંગાર શ્યામકો,
લલિતા નિવી ખોલી.
લીલા નિરખત દાસ રસિક જન,
શ્રીમુખ શ્યામા બોલી.
.

★ત્રીજા વિલાસનો ભાવાનુવાદ★

નવરાત્રિનો તૃતીય વિલાસ આજ રે
રમતિલી ગમતીલી સખીઓ સંગ રે
મુખ્ય સહચરી વિશાખા બનઠન રે
ચાલી બૈનીનિકુંજ મહલ તરફ રે
બાસુંદી ભોગ સજાવી ધર્યો વ્હાલાને રે
શ્રૃંગાર વિવિધ રંગના કરે કામિનીઓ રે
ગીત ગાતા વનદેવીના વિહાર કરે રે
સુંદર રંભાઓ કરે કામદેવને ચીત રે
શ્યામ સમીપ પ્યારા શ્યામા બિરાજ્યા રે
અદભુત તે રમણીયતા યુગલની રે
નીરખી લીલા આ રહદયમાં વસ્યા રે
જોઈ દેવ,નર,મુનિ વિસ્મિત મન આનંદ રે
??

★ચતુર્થ વિલાસ ભાવાનુવાદ★

શ્યામ સંગ ચતુર્થ વિલાસ પારસોલી માહે
સુરમ્ય વનમાં પાન ફૂલ આનંદમાં લહેરાયે
મુખ્ય સખી ચંદ્રાવલી સાથ સખીઓ હર્ષે ભમે
ખરમંડા જલેબી લાડુ ભોગ લઈ સાજન પધારે
સાજ સજયો અનોખો વિવિધ ઉપહાર લાવે
બાદલમાં દામિની ચમકે વનમાં કામિની શોભે
પધાર્યા વનદેવી દર્શને શ્યામ કિશોર કાન્હા જુએ
જોઈ જોઈ રાજી થાય તરુણીઓ કિલ્લોલ કરે
શ્યામા શ્યામ બાહોમાં જેમ વેલ વેલી વીંટળાયે
સુખની આ શોભા અવર્ણનિય વનમાં વહે

★પંચમ વિલાસ ભાવાનુવાદ★

શ્યામ સંગ પંચમ વિલાસ વિલસે કદલી વને
મુખ્ય સખી સંજાવલી ચાલી મળવા પ્રિયતમને
સખીઓ ઉમંગે વને વિહરી દેવી પૂજન કાજ
ધૂપ પ્રસર્યો કમલ સમ, લીધો દીપ થાળ ભોગ સાજ
સુહાગણો નાચે ગાય મધુર સ્વરે વન પુલકિત
તે જ ક્ષણે હરિ પ્રકટયા સમૂહ મધ્યે વૃંદ એકત્રિત

બે યુગ જેવી રાત્રિમાં અલૌકિક મિલન રસભીનું
પ્રભુ કટાક્ષે રસિકદાસજી કરે પાન રસભીનું
??

★છઠ્ઠો વિલાસ ભાવાનુવાદ★

નવરસનો છઠ્ઠો વિલાસ આજ રે
શ્યામજી સખી સંગ ચાલી ગોધન વન રે
કુશળ ખેલંદી મુખ્ય સહચરી રાયજી રે
હાર કંકણ ઝગમગ સુંદરી વિહરે વનમાં રે
શ્રીખંડ ભોગ લય નિસરી સાજન મંદિરે રે
કોટી કામદેવ લજ્જિત કરે તે શ્યામ આવ્યા રે
કમલ મુખ નીરખે આનંદ અલૌકિક રે
રાસ રચ્યો વચ્ચે રાધા માધવ નાચે રે
કામિનીના શૃંગાર ચિત્ત ચોરે મદનમોહનનું રે
??

★સાતમા વિલાસનો ભાવાનુવાદ★

નવરાત્રિનો સાતમો વિલાસ આજ રે
ગહરવનમાં મુખ્ય સહચરી કૃષ્ણાવતી રે
સોહામણી કાયા નાની, પ્રાવિણ્ય અપાર રે
વનદેવી કાજ ગૂંથી ગુંજા અને ફૂલોની માળા રે
ચંદ્રાવતી સખી આજ અતિ પ્રસન્ન રે
હસત હસત ગાલ લાલ જેમ લાલ મુનિયા ચીડિયા રે
દેવી પાસે રચ્યો કામ કલામય અલૌકિક ખેલ રે
જોઈ થયા અધીરા આવેશે મદન પ્રગટ્યા રે
કુંવર કન્હૈયાથી ઘેલી કિશોરી ભાન ભૂલી રે
અંગે અંગ ભીંસાયા ઉરમાં ઉન્માદ રે
રસિક જનોના રહદયમાં લીલા રંગ છવાયો રે

★આઠમા વિલાસનો ભાવાનુવાદ★

નવરાત્રિનો આઠમો વિલાસ આજ રે
મુખ્ય સહચરી સારંગી ખેલ નિપુણ રે
સંગે તેના શાંતનુકુંડ શ્યામાજી પ્રવેશ્યા રે
સુરજમંદિર પૂજન, ભોગ મેવા ધર્યા રે
વ્રજ લલના ઉમંગે ખેલવા વન ઘૂમે રે
આવ્યા ભદ્રવન હસતા ગાતા રમતા રે
કૃષ્ણકલાના સુંદર મંદિરમાં યૌવન આવ્યું રે
ડૂબી નંદલાલ રસમાં વ્રજયુવતીઓ રે
સૌંદર્ય,સૌંદર્યનું દર્શન કરી ચકિત રે
નીરખી નીરખી નેત્ર ન તૃપ્ત થાય રે
??

★નવમ વિલાસ ભાવાનુવાદ★

નવમ વિલાસના નવલ રૂપ ધારણ કરે સ્વામીનીજી
નવધા ભક્તિ સભર નોતર્યા સખીજનોનેજી
પધારી શ્યામા સંગીઓ સજી ધજી ઉપહાર લઈજી
કર્યો મનોરથ બંસીબેટે વ્રજભક્તો સંગજી
રાગ રંગ સ્વર બંધાન કિલ્લોલતિ સરિતાજી
હસ્તે વેણુ મણીમય કુંડલ ધર્યા તમ નાશક મોહનજી
મોર મુગુટ પીતાંબર સોહે પગ નૂપુર ઝનકારજી
હાથે કંકણ ગ્રીવા રત્નજડિત હારે શોભે શ્યામજી આનંદઘન રાધાવર દર્શને વ્રજનાર હરખાઈજી
કુંજ દ્વારે હરિ હેતના ઝૂલે ઝૂલે રૂપ સ્વામીનીજી
નવનીત ભોગ સામગ્રી યુગલ સ્વરૂપને ધર્યાજી
સત્કાર્યા નંદનંદને સફલ થયા વ્રજવિહારજી
ભોગ સરાવ્યાં આચમન કર્યા બીડા આરોગાવ્યાજી જય સ્વામીનીજી જય નાથજી ગોપી ગાયેજી નવ રસ રાસ વિલાસ ઉલ્લાસ સખી સંગ ખેલેજી
રાસ રસિક રસ મંડિત ભવ તારે સૌ ભક્તજનોજી.??

★(તૃતીય વિલાસ થી નવમ વિલાસનો
ભાવાનુવાદ કર્તાઃ ભરત સાંગાણી)★

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No : 0089
વિષય : મનમેળ
શીર્ષક : મનભાવન
પ્રવિણા કડકિઆ.હ્યુસ્ટન

—

ભેળ શબ્દ સાંભળી મોઢામાં પાણી આવે. મમરાનો મનમેળ સેવ, પૂરી, કાંદા , ટામેટા, બટાકા, દાડમ, ગળી ચટણી, તીખી ચટણી, લસણની ચટણી અને ગોલડન ચટણી.

અ ધ ધ કેટલા સાથે મન મેળ કરી તાલ મિલાવે ત્યારે ચટાકેદાર બને.

જીવનમાં પણ આમ ચાલે. મનમેળ વગર જીવન કેવી રીતે જિવાય ? એક માતાના ગર્ભમાં નવ માસ ગુજારી ધરતી પર આવનાર સંતાનોમાં પણ મનમેળનો અભાવ જોઈએ ત્યારે દુખ થાય .

દુનિયાની નજરે સાથે દેખાય પણ મનથી જોજનો દૂર. જાણે લોહીના અણમોલ સંબંધની કોઈ કિંમત નહી.

જેની સાથે કોઈ સંબંધ ન હોય છતાં મનમેળ હોવાને કારણે જિગરજાન મિત્ર બને. મનમેળ તો એવો કે પોતાની જાત કરતાં વધુ વિશ્વાસ એકબીજા પર.

હવે આ મનમેળ કંઈ બલાનું નામ છે. જેમાં કોઈ પૂર્વ શરત હોતી નથી. સ્વાર્થને લેશમાત્ર અવકાશ નથી. સમર્પણની ભાવના છલકાય છે.
મનમેળના પથ પર ચાલવાથી હદીસના દરવાજાને ખૂલતાં વાર નથી લાગતી.

એનો અર્થ એમ ન કરશો કે એક બીજાની હા માં હા પુરાવે છે. જી ના!

સમજાવીને અણસમજની હવા ખુશનુમા કરે છે. ઉદાર દિલે જતું કરે છે. સ્વાર્થનો અભાવ એ મનમેળના તાળાંની કુંચી છે.
એક સાદું ઉદાહરણ આપું. કુટુંબમાં સાથે બેઠા હોઈએ. અચાનક મેં કંઈ કહ્યું . દસ જણા હતા. દસ અર્થ કાઢ્યા. સહુ પોતાની મન સ્થિતિ અનુસાર અર્થ કાઢે.

જ્યાં મનમેળ હોય ત્યાં તડાફડી ન થાય . શાંતિથી કહેનારની વાત સાંભળી તેના વિચાર જાણવાનો પ્રયત્ન કરે .

મન મેળ હશે તો જિંદગીમાં મન ભાવન પરિણામ મળશે.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO – 0050
વિષય - મનમેળ
શીર્ષક - પ્રેમ બીજ રોપ્યું.
પ્રકાર - પદ્ય
નામ - રાગીની શુક્લ "રાગ"
.....?..............................

સમયના તાણાવાણાએ પ્રેમનું બીજ રોપ્યું...!
આ અજાણ્યો તારોને મારો સંબંધ..!
નહીં છૂટે આ તાણાવાણાને બંધાણો સંબંધ ..!
ગયા જન્મના ઋણાનુબંધ ચૂકવવા...!

આ તો જૂનો છે તારોને મારો મનમેળ...!
નથી પડ્યાં જુનાં કે બુઠ્ઠા...!
આ તો પતંગિયાની પાંખોનો પરમરાટ આપણાંમાં...!
ક્યાંથી પડે ઝાંખો...!

આ તો જૂની ઈમારતને નવાં વાઘા...!
ક્યાંથી જર્જરીત થાય...!
નથી કોઈની રોકટોક તને ને મને...!
છતાય બંધાય પ્રેમની સાંકળે...!

રોપ્યું તું પ્રેમનું નાનકડું બીજ આતો...!
રાગીની શુક્લ "રાગ"મુંબઈ



## નેશનલ હેન્ડ વોશ ડે ની ઉજવણી કરવામાં આવી.

નેશનલ પેરામેડિકલ એજ્યુકેશન મેઘાણીનગર બ્રાન્ચ દ્વારા નેશનલ હેન્ડ વોશ ડે ની ઉજવણી કરવામાં આવી જેમાં ઉમા ગર્લ્સ હાઈસ્કુલ ઙ્ઘ્દ્વષ્ઠ પ્રાથમિક શાળા, કિડ્સ ઇંગ્લીશ મીડીયમ સ્કુલ મેઘાણી નગર ના વિદ્યાર્થી ને હેન્ડ વોશ કરતા શીખવાડ્યું તેના ફાયદા જણાવ્યા અને હેન્ડ વોશ ના કરવાના નુકસાન સમજાવી આયોજક નેશનલ પેરામેડિકલ એજ્યુકેશન મેઘાણીનગર બ્રાન્ચ



પોસ્ટલ વિભાગ દ્વારા ટપાલ દિવસ ની ઉજવણી ભાગ રૂપે નિબંધ સ્પર્ધા અને સાથે સાથે બાળકો સાથે philatelic , વર્કશોપ નું આયોજન કરાયું જે માં નાના ભૂલકાઓ એ સહર્ષ ઉષ્મા ભેર ભાગ લીધો હતો અને પોસ્ટલ વિભાગ અવનવી ટપાલ ટિકિટો અને વિગતો સૌ બાળકો, જાણીતાં ફોટોગ્રાફ અને ફિલાટેલીસ્ટ, કાન્તિભાઈ શર્મા દ્વારા આપી ફોલ્ડર્સ આપ્યા હતા,અવ નવું ટિકિટ સંગ્રહ વિશે બતાવી માહિતી પૂરી પાડી હતી.આ પ્રસંગે પોસ્ટ વિભાગ તરફ મીલન ભાઈ પટેલે સૌને ટપાલ ટિકિટ વાળા key chain, આંપેલા , હતા બાળકો ને નિબંધ સ્પર્ધા ડિજિટલ ઈન્ડિયા વિશે વૈશાલી બેને માહિતી આપી હતી સરસ કાર્યકમ આયોજન કરવામાં આવ્યું, શાળા,સે ૧ ૬ ના આચાર્ય શ્રી પણ સહકાર દ્વારા સફળ.કાર્યકમ આયોજિત કરવામાં આવ્યો હતો



## નવરાત્રીની પુર્વ સંધ્યાએ સિવિલ હોસ્પિટલમાં અંગદાન

૧૭ વર્ષના પૃથ્વીરાજ રાઠોડના અંગદાને માનવતાની આહલેક પ્રસરાવી પોતાના વ્હાલસોયા દીકરાના અંગોનું દાન કરીને પિતા "શ્રવણ" બન્યા ! બે કિડનીનું દાન મળ્યું ૧૭ વર્ષના યુવકનું અંગદાન પ્રેરણારૂપ - સિવિલ સુપ્રીટેન્ડન્ટ ડૉ.રાકેશ જોશી

## સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વધુ ત્રણ વર્ષ લંબાવવામાં આવશે.

---
મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનો શહેરી જનજીવન સુખાકારી વૃદ્ધિનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય.
---
વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણી અવસરે શરૂ કરાવેલી સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાથી શહેરોની માળખાકીય સુવિધા સુખાકારીમાં ઉત્તરોત્તર વૃદ્ધિ થઈ છે.
---
યોજનાને વ્યાપક ફલક પર મળેલી સફળતા અને લોક-સમર્થનની ફળશ્રુતિએ વધુ ત્રણ વર્ષ ૨૦૨૪-૨૫થી ૨૦૨૬-૨૭ સુધી યોજના લંબાવવાનો મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલનો સ્તુત્ય અભિગમ.
----------
નગરો મહાનગરોમાં ભૌતિક સામાજિક આંતર માળખાકીય વિકાસ અને આગવી ઓળખના વિવિધ કામો માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં રૂપિયા ૫૭ હજાર કરોડનું પ્રાવધાન
::::::::::::::::::::::

અત્યાર સુધીમાં રૂપિયા ૪૮ હજાર કરોડના ૨.૮૪ લાખ કામોને મંજૂરી અપાઈ છે.
---------------------
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં શહેરી જનજીવન સુખાકારીમાં વૃદ્ધિ માટેનું વધુ એક મહત્વપૂર્ણ કદમ ભરીને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વધુ ત્રણ વર્ષ લંબાવવાનો નિર્ણય કર્યો છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં વધતા જતા શહેરીકરણને પગલે શહેરીજનોની માળખાકીય સુવિધાઓ-જરૂરિયાત પૂર્ણ કરવાના હેતુથી ગુજરાતની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના સ્વર્ણિમ જયંતિ અવસરે ૨૦૦૯-૧૦માં તત્કાલીન મુખ્યમંત્રી તરીકે આ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના શરૂ કરાવેલી છે.

આ યોજનામાં ભૌતિક આંતર માળખાકીય સુવિધા અન્વયે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ, જળસંચય અને લેક બ્યુટીફિકેશનનાં કામો, શહેરી સડકનાં કામો, પાણી પુરવઠા ગટર-વ્યવસ્થાનાં કામો તેમજ સ્ટ્રીટ લાઈટનાં કામો, વગેરે માટે નગરો મહાનગરોમાં ગ્રાન્ટ ફાળવવામાં આવે છે.

એટલું જ નહીં, સોશિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફેસિલિટીઝ અન્વયે અર્બન હેલ્થ સેન્ટર, હોસ્પિટલ, આંગણવાડી, લાઈબ્રેરી કે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સહિતની સુવિધાઓના કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અર્બન મોબિલિટી અંતર્ગત આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી શહેરી બસસેવા, ટ્રાફિક મેનેજમેન્ટ, રેલવે ઓવરબ્રિજ, અંડર બ્રિજ, રિંગ રોડ, ફ્લાય-ઓવર બ્રિજ અને અંડરપાસ જેવાં કામો હાથ ધરી શકાય છે.
આ ઉપરાંત શહેરની આગવી ઓળખ ઊભી થાય તેવાં કામોમાં હેરિટેજ એન્ડ ટુરિઝમ, એક્ઝિબિશન હોલ, પંચશક્તિ થીમ આધારિત ટ્રાફિક આઈલેન્ડ્સ, રીવરફ્રન્ટ, વોટર બોડી, લેન્ડસ્કેપિંગ, સાયન્સ સેન્ટર, પ્લેનેટોરિયમ, મ્યુઝિયમ, એમ્ફી થિયેટર, વગેરેનાં કામોનો પણ આ યોજનામાં સમાવેશ કરવામાં આવેલો છે.
રાજ્ય સરકારે નગરો મહાનગરોમાં આવા અંદાજે ૨ લાખ ૮૪ હજારથી વધુ કામો માટે રૂપિયા ૪૮ હજાર ૭૩૬ કરોડ અત્યાર સુધીમાં મંજૂર કર્યા છે.

આ ફ્લેગશીપ યોજના માટે અત્યાર સુધીમાં ૫૭ હજાર કરોડનું બજેટ પ્રાવધાન કરવામાં આવ્યું છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આ યોજનાને મળી રહેલા વ્યાપક લોક સમર્થન તેમજ નગર સુખાકારીનાં વિવિધ કામોમાં યોજનાના લાભોની જરૂરિયાત સંદર્ભમાં આ ફ્લેગશીપ યોજના વધુ ત્રણ વર્ષ ચાલુ રાખવાનો સ્તુત્ય નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના આ જન હિતકારી નિર્ણયને પરિણામે હવે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૨૪-૨૫થી ૨૦૨૬-૨૭ સુધીના વધુ ત્રણ વર્ષ માટે અમલમાં રહેશે.




મહેસાણા રાધનપુર રોડ ઉપર આવેલી ગોકુલ ગ્રીન સોસાયટીમાં રહીશો દ્વારા આજે માતાજીના પહેલા નોરતા માં ગોકુલ ગ્રીનના રહીશ પિયુષભાઈ પટેલ અને અર્ચનાબેન પટેલ દ્વારા એક વર્ષ માટે માતાજીની પૂજા અર્ચના કરવામાં આવી હતી હવે માતાજીની પધરામણી સોસાયટીના ચોકમાં સોસાયટીના ભાવીભક્તો ફરી મળી નવરાત્રીના પ્રથમ નોરતા માં માતાજીના તહેવારની ધામધૂમથી મંદિરની માંડવીમાં સ્થાપના કરવામાં આવી. આ નિમિત્તે સમગ્ર ગોકુલ ગ્રીન રહીશો માતાજીની પૂજા અર્ચના કરી અને અંબેમાના ભજન કર્યા. તેમજ સમગ્ર દેશમાં માતાજીની ધામધૂમથી પૂજા થાય અને સર્વે લોકોનું કલ્યાણ થાય એ માટે મંગલ પ્રાર્થના કરી.
મહેસાણા થી જતીન રાવલ

# રાસરાસડા એટલે શું ?

★'ગરબો અને ગરબી'★
આ બેઉ શબ્દના અલગ અલગ અર્થ થાય છેઅને ,તે કેવી રીતે શરૂ થયાં ? રાસ-રાસડા એટલે શું ?
??જેના ગર્ભમાં દીવો છે એવો ઘડો એટલે સંસ્કૃતમાં 'દીપગર્ભોઘટ',તેમાંથી થયો'દીપગર્ભો', પછી 'ગરભો' અને અંતે'ગરબો' !
તેને માથે રાખી કે વચ્ચે રાખીને થતું વર્તુળાકાર નર્તન પણ કાળક્રમે 'ગરબો' જ કહેવાયું. સૌમ્ય નૃત્યલાલિત્યને 'લાસ્ય' કહેવાય છે, જેનો ધબકાર ગરબામાં ઝિલાય છે.
??સદીઓ પૂર્વે રચાયેલા ગ્રંથ 'હરિવંશ'માં કૃષ્ણને રાસેશ્વર કહેવાયા છે.
?? સ્ત્રી-પુરુષ સાથે હાથમાં દાંડિયા પકડી રમે તે 'રાસ', તાળી સાથે સ્ત્રીઓ રમે તે 'ગરબો' કહેવાય.
અને પુરુષો રમે તે 'ગરબી' ! કહેવાય.
??પુરુષો અને સ્ત્રીઓ હાથે તાળીઓ પાડી ગરબો લે તેને 'હીંચ્લેવી' કહેવાય, પણ માત્ર સ્ત્રીઓ જમણા પગનો પંજો ધરતી સાથે અથડાવી ગરબો લે તેને 'હમચીખૂંદવી' કહેવાય.
??હવેલી સંગીતનાં ગીતો-રાસડાઓના કવિ વલ્લભ મેવાડા જયારે શ્રીનાથજીનાં દર્શન ગયા ત્યારે પૂજારીએ તેમને,"દર્શન બંધ થઈ ગયા છે",તેમ કહીને પાછા વાળ્યા.આથી ભગ્ન થએલ હૃદયથી ભક્ત વલ્લભ મેવાડાએ વિચાર્યું કે, 'જે બાપ (કૃષ્ણ) પોતાનાં સંતાનો (ભક્તો)ને દર્શન ન આપે તેની સ્તુતિ કરવા કરતાં હું સદાય સુલભ એવી મમતામયી મા(મા અંબિકા)ના સ્તવનો શા માટે ન લખું ?' અને
દયારામના પુરોગામી તરીકે તેમણે આજે પણ પ્રચલિત એવા લોકપ્રિય ગરબાઓ રચ્યા, જે આજે પણ'સ્ટેજ શો'માં ફેરવાઈ ગયેલા લેવાતા જોવાય છે,ગરબાઓ ગુજરાતની ગલી ગલીમાં ઘોળાઈ ગયા,ખોળિયું બદલતા ગયા!મહાડ, કાફી,પીલુ,ધનાશ્રી, કાલિંગડો,સારંગ વગેરે રાગ અને ખેમટો,કેરવો કે દીપચંદી તાલમાં ગવાતા ગરબા આજે લેસર સિન્થેસાઈઝરના ડ્રમ-બીટ્સના ડિજીટલ ફયુઝન મ્યુઝિકમાં ફેરવાઈ ગયા છે.



??'ભાવપ્રકાશ'નામના અતિ પ્રાચીન ગ્રંથમાં રાસના ત્રણ પ્રકાર વર્ણવ્યા છે.

૧. 'તાલરાસક' એટલે તાળી-રાસ,
૨. 'દંડ-રાસક' એટલે દાંડિયા-રાસ અને
૩. ત્રીજા પ્રકારના છે 'લતા રાસક',
એટલે સ્ત્રી-પુરુષનું યુગલ પરસ્પર ગૂંથાઈને જેમ લતા વૃક્ષ ફરતી વીંટળાઈ વળે, તે રીતે એકબીજામાં સમરસ થઈને રમે તેવો રાસ !
?? રોજ ગરબે ઘૂમીને આવવાનો થાક ઉતારતા ખેલૈયાઓને એક અપીલ છેઃ
ભાણદાસ રચિતઃ-
'ગગનમંડળ ગુણ ગરબી રે' ગરબો ક્યારેક ચાંદાનાં અજવાળે વાંચજો-સાંભળજો કે...
જેમાં પૃથ્વી એ કોડિયું છે, સમુદ્રરૂપી તેલ છે, પર્વતરૂપી વાટ અને સૂર્યરૂપી દીવો છે, શેષનાગની ઇંઢોણી છે...

-ઃશુભ નવરાત્રિઃ-

★ગરબા રમવું એટલે શું..?★
"""""""""""""""""""""""""""""""""""

?? ગરબો તે બ્રહ્માંડ નૂ પ્રતિક છે ..
?? ગરબા મા ૨૭ છિદ્ર હોય છે.
નવ નવ ની ત્રણ લાઈન એટલે ૨૭ છિદ્ર તે ૨૭ નક્ષત્ર છે.
??એક નક્ષત્ર ને ચાર ચરણ હોય છે ૨૭□૪=૧૦૮ .
??નવરાત્રી મા ગરબા ને મધ્ય મા રાખી
૧૦૮ વખત ગરબી રમવાથી અથવા
ઘૂમવાથી બ્રહ્માંડ ની પ્રદિક્ષણા કરવાનું પૂણ્ય મળે છે.આ ગરબા રમવાનું ખાસ મહાત્મ્ય છે
દર પુનમે આપણાં ઘર ના ઉંબરે આસોપાલવ નું તોરણ બાંધવાથી કુળદેવી માતાજી ના લીલાંલહેરના આશીર્વાદ મળે છે,
પુનમ દિવસે ગાય ના ઘી નો માને અખંડદિપ કરવાથી કુળદેવી માં "પુનમે કુંભ ભર્યો છે સાંભળજો કરુણા" જીવન ની તમામ કરુણાઓ પુનમે કુળદેવીને ઘીનો દિપક કરવાથી મા સર્વે મનોકામના અવશ્ય પૂર્ણ કરે છે.



અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભા જૈન દ્વારા જમાલપુર વોર્ડ ખાતે ફૂલ બજાર પાસે સફાઈ કરીને સ્વચ્છતાનો સંદેશ આપ્યો



'સ્વચ્છતા હી સેવા' - અમદાવાદ જિલ્લો અમદાવાદના સાણંદ નગરના બસ સ્ટેશન ખાતે સફાઈ ઝુંબેશનું આયોજનસાણંદ તાલુકા પંચાયતના પ્રમુખ અને પૂર્વપ્રમુખ સહિતના આગેવાનોએ સ્વચ્છતા માટે કર્યુ શ્રમદાનબસ સ્ટેશન સ્વચ્છ અને સુઘડ બનતા મુસાફરોએ વ્યક્ત કર્યો આનંદ

# કેસરિયા ગરબા - ૨૦૨૩ નગરમાં પાદુકા શોભાયાત્રા,સ્થાપન રામકથા મેદાન




------------

ધારાસભ્ય રીટાબેન પટેલના નિવાસસ્થાનેથી ભવ્ય શોભાયાત્રા સ્વરૂપે ભગવાન શ્રી રામની પાદુકાઓ અને અંબાજીથી લવાયેલ અખંડ જ્યોતને કેસરિયા ગરબા મહોત્સવ સ્થળે લાવી સ્થાપન કરાયું.

------------

'બોલ મારી અંબે જય જય અંબે' અને જય શ્રી રામના નાદથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું.

------------

ભાવિકોએ કેસરી સાફો પહેરતા તેમજ કેસરિયા ધ્વજાઓથી સમગ્ર શોભાયાત્રા કેસરિયામય બની હતી.

------------

વિશાળ શોભાયાત્રાનું સમગ્ર રૂટ પર વિવિધ સ્થાનોએ સ્થાનિકો દ્વારા પુષ્પવર્ષાથી સ્વાગત કરાયું.

------------

પ્રથમ નોરતે ધારાસભ્ય રીટાબેન પટેલના નિવાસસ્થાને સહાય ફાઉન્ડેશન દ્વારા અયોધ્યાથી લવાયેલ ભગવાન શ્રી રામની પાદુકાઓનું પૂજન અને આરતી કરાઇ હતી. જયાંથી ભવ્યાતિભવ્ય'શ્રી રામ પાદુકા શોભાયાત્રા' પંચદેવ મંદિર (સે.૨૨), હવેલી મંદિર (સે.૨૧), સિદ્ધિ વિનાયક મંદિર (સે.૨૧), ચ-૬ સર્કલ, વૈજનાથ મહાદેવ મંદિર, ઘ-૬ સર્કલ, ઘ-૫ સર્કલ, હનુમાનજી મંદિર (સે.૧૭) થઈ કેસરિયા ગરબા મહોત્સવ સ્થળે પહોંચી હતી જ્યાં વિધિસર પૂજા બાદ શ્રી રામની અખંડ જ્યોત અને પાદુકાઓનું સ્થાપન કરવામાં આવ્યું હતું.

શોભાયાત્રામાં વિશાળ સંખ્યામાં ભાવિકો જોડાયા હતાં. ભાવિકોએ કેસરી સાફો પહેરતા તેમજ કેસરિયા ધ્વજાઓથી સમગ્ર શોભાયાત્રા કેસરિયામય બની હતી. વિશાળ શોભાયાત્રાનું સમગ્ર રૂટ પર વિવિધ સ્થાનોએ સ્થાનિકો દ્વારા પુષ્પવર્ષા થી સ્વાગત કરાયું હતું. પંચદેવ મંદિર, હવેલી મંદિર, વૈજનાથ મહાદેવ મંદિર, સ્વામિનારાયણ ગુરુકુળ સે.૨૩ ખાતે ધાર્મિક સંતો મહંતો દ્વારા સ્વાગત કરાયું હતું. નાસિક ઢોલ તેમજ ડી.જે.તાલે ભાવિકો મન મૂકીને ઝૂમ્યા હતાં. 'બોલ મારી અંબે જય જય અંબે' અને જય શ્રી રામના નાદથી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. કેસરિયા ગરબા ખાતે શ્રી રામ મંદિરની ૧૦૧ ફૂટ ઊંચી પ્રતિકૃતિમાં ભગવાન શ્રી રામ, લક્ષ્મણજી, જાનકી માતા, અને હનુમાનજીની દ્રશ્યમાન મૂર્તિનું પણ સ્થાપન કરવામાં આવ્યું છે.

# ડાંગ જિલ્લામાં આહવા એસ ટી બસ ડેપો મેનેજર ભ્રષ્ટાચાર માં રંગીલો..?



વઘઈ થી ભુરભેડી એસ ટી રુટ નેં અચાનક રુટ બદલી નાંખતા રોજે રોજ મુશાફરી કરતાં લોકો તેમજ નોકરી.ધંઘા કે અપડાઉન્ડ કરતાં વિદ્યાર્થીઓને મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો.કારણ કે.અગાઉનો જુનો.એસ ટી રૂટ સમય મર્યાદા માં હતો . વઘઈ થી બારખાદિયા ફાટક થી ભુરભેડી .જ્યારે.હાલનો એસ ટી રુટ બદલી નાંખતા .નવો કાયદા મુજબ.સવારે. વઘઈ થી બારખાંદિયા ફાટક થઈ ભુરભેડી.વળતા રૂટ બદલવામાં આવે છે ત્યારે ભુરભેડી થી દગડપાડા.ખીરમાણી.બારખાદિયા.ડોક્પાતળ વાનરચોંડ.ઉગા.ચિચપાડા.આબાપાડા. વઘઈ. જેથી ટાઈમ ટેબલ માં વધારો ફરક તેમજ પેસીજરો માં ઘટાડો ના કારણે એસ ટી ડેપો ને ખોટ ખાવાનાં વારો આવ્યો.અને રસ્તા ઓમા પણ ઠેરઠેર ખાડા ઓ ભય જનક. બિસ્માર હાલતમાં. બીજી બાજુ થી ભાડાં પણ આંઠ.દસ રૂપિયા નો વધારો.થતા લોકો ને મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો.તેથી શાળા નાં અપડાઉન્ડ કરતા વિદ્યાર્થીઓ તેમજ ગામડાં નાં લોકો એક માંગ ઉઠવા પામી છે કે આંબાપાડા .ઉગા ચિચપાડા.વાયા થતી બસ બંધ કરી.જૂનો રૂટ પ્રમાણે એસટી બસ ચાલવું જોઈએ . વઘઈ થી ભુરભેડી .અને ભુરભેડી થી વઘઈ એવી લોકો માંગ ઉઠવા પામી છે.

# પત્રકાર એકતા પરિષદના હોદ્દેદારો દ્વારા બક્ષીપંચ મોરચાના પ્રદેશ મંત્રી નું સન્માન કરવામાં આવ્યું.




મુળ ચાણસ્મા તાલુકાના સુણસર ગામના વતની અને રાજકીય ક્ષેત્રે સક્રીય રીતે ભુમિકા ભજવી રહેલા પ્રદેશ બક્ષીપંચ મોરચાના પ્રદેશ મંત્રી શ્રી વિનયસિંહ બાવનસંગ ઝાલા નુ આજરોજ ચાણસ્મા તાલુકાના પત્રકાર એકતા પરિષદના હોદ્દેદારો (૧)કમલેશ ભાઈ પટેલ (પ્રદેશ પ્રભારી) (૨) અમૃતલાલ પટેલ ( ચાણસ્મા તાલુકા પ્રમુખ)(૩) નિખિલ જોષી ( મહામંત્રી ચાણસ્મા) દ્વારા ચાણસ્મા ખાતે આવેલ મિડીયા હાઉસ ખાતે વિવિધ મોમેન્ટો આપી ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું

ત્યારે વિનયસિંહ ઝાલા ની રાજકીય ક્ષેત્રે વાત કરવામાં આવે તો નાની ઉંમરે ૧૯૯૫ માં વિદ્યાર્થી પરિષદ માં મહેસાણા - પાટણ માં સક્રિય ભૂમિકા સંભાળી હતી ત્યારબાદ ચાણસ્મા તાલુકા ભાજપ મહામંત્રી, જીલ્લા મંત્રી, તાલુકા ભાજપ ઉપપ્રમુખ, સહિત અત્યારે હાલમાં બક્ષીપંચ મોરચાના પ્રદેશ મંત્રી, ચાણસ્મા એ.પી.એમ.સી ડિરેક્ટર સહિત વેસ્ટન રેલવે ઝેડ, આર યુ સી સી મેમ્બર જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ પાટણ મેમ્બર્સ, ક્ષત્રિય યુથ ચેરીટેબલ ટ્રસ્ટ પ્રમુખ, સુણસર સેવા સહકારી મંડળી પ્રમુખ, ગુજરાત ક્ષત્રિય ઠાકોર વિકાસ સંઘના પ્રદેશ મહામંત્રી તેમજ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહામેળા દરમિયાન યોજાતો સિધ્ધ હેમ સેવા ટ્રસ્ટ પાટણ દ્વારા યોજાતા સિદ્ધ હેમ સેવા કેમ્પ મો અગ્રેસર ભૂમિકા ભજવી કેમ્પ માં પણ સહભાગી થઈને પોતાના સમાજ નહી પરંતુ દરેક સમાજમાં પણ એક આગવું સ્થાન ધરાવે છે તેમજ ભારતીય જનતા પાર્ટી વિશે વાત કરવામાં આવે તો સુણસર ગામની અંદર ભાજપ નું કોઈ સ્થાન નહોતું ત્યારે વિનયસિંહ ઝાલા દ્વારા અથાગ પ્રયત્નો કરી સુણસર ગામની અંદર ભાજપ નું સ્થાન ઉભું કર્યું છે તેમજ વિનયસિંહ ઝાલા એ એક સરળ સ્વભાવ ના વ્યક્તિ હોય ગામની અંદર પણ વિવિધ પ્રકારના વિકાસના કામો કર્યા છે ત્યારે આજરોજ પત્રકાર એકતા પરિષદના હોદ્દેદારો દ્વારા તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું

**રિપોર્ટર નિખિલ જોષી પાટણ બ્યુરો**




વર્લ્ડ કપ ની જાહેરાત થઈ ત્યારથી ભારત પાકિસ્તાન મેચ જોવા ઉત્સુક રવિરાજ સિંહ યુએસએ થી અમદાવાદ મેચ જોવા આવ્યા હતો તેણે બહેન જીજાજી સાથે મેચ જોઈ હતીતેણે ટી શર્ટ પર ૧૦ અને બાપુ લખાવી ભારતીય ટીમને ચીયર્સ અપ કરી હતી

# માણાવદરના જીલાણા ગામે જીલાણા ગામ વિકાસ સમિતિ દ્વારા ૩૫,૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ સંપન્ન થયું



માણાવદર તાલુકામાં આવેલ જીલાણા ગામે આજરોજ પર્યાવરણ સુરક્ષા અને પ્રવૃત્તિના જતન અન્વયે સવારે ૧૦ કલાકથી સમસ્ત ગ્રામજનોના સહયોગ અને શ્રમથી વૃક્ષ વંદના પ્રોગ્રામ એટલે કે ગ્રીન ગામ એક ગામ એક પરિવારના સહયોગથી અમેરિકામાં રહેતા અમારા જ ગામના વતની દિનેશભાઈ ટંકારીયા ના આહવાન તથા તેમના સહકાર તેમજ સહયોગથી આ ભવ્ય આયોજન કરેલ. જેમાં જે. કે. પટેલ, મનસુખભાઈ મેંદપરા તથા સંજયભાઈ રવજીભાઈ મેંદપરા ની આગેવાની હેઠળ જીલાણા ગામ વિકાસ સમિતિના નેજા હેઠળ ૩૫,૦૦ જેટલા વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું.આશરે ૮૦૦ વીઘા જેટલી ગામ તળની જમીનમાં વૃક્ષો વાવેતર કરવાનો લક્ષ્ય વાતાવરણમાં શુદ્ધ ઓક્સિજન મળી રહે તે માટે આશરે ૧૦૦ વીઘામાં ૨૪ કલાક ઓક્સિજન આપતા વૃક્ષોનું વૃક્ષો રોપણ, ઔષધિ વન, મિયા વાંકી તમામ જીવોનું એક ઘર એટલે વૃક્ષ વંદના પતંગિયા માટે ફૂલ ઝાડ આ બધું જ વૃક્ષારોપણ અલગ અલગ ઝોનમાં કરવામાં આવ્યું છે દરેક ઝોન ફરતે તાર ફેન્સીંગ કરવામાં આવ્યું હતું અને વૃક્ષોનું પાંચ વર્ષ સુધી રક્ષણ થાય તે માટેની એક સમિતિ ટીમ બનાવી હતી. આ વૃક્ષોમાં તુલસી, પીપળો, વડલો તથા અન્ય વૃક્ષો કે જેમાંથી વધારે ઓક્સિજન પેદા થતું હોય તેની ખાસ પસંદગી કરવામાં આવી હતી. સાથે સાથે આરોગ્યપ્રદ વૃક્ષોનું પણ વાવેતર કરાયું હતું અને એક ઔષધિવન બટરફ્લાય ઝોનનું પણ નિર્માણ કરાયું હતું. આજના આ કાર્યક્રમમાં ગામ આખામાં ઉત્સવ જેવો માહોલ હતો અને અન્ય ગામોને પ્રેરણા આપતો એક સંદેશ પણ હતો વિશેષ તો એકે દરેક વૃક્ષોના વિવિધ ઝોન પાડવામાં આવ્યા હતા. જેમાં અમુક અમુક વીઘા જમીન ફાળવાઈ હતી આખું આયોજન બૌદ્ધિક સ્વરૂપના સ્તરે ગોઠવાયું હતું.આજના આ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા માણાવદર મતવિસ્તારના ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી, સાંસદ સભ્ય રમેશભાઈ ધડુકના પુત્ર સાવનભાઈ ધડુક, ફોરેસ્ટ અધિકારી ચાવડા, પીએસઆઈ ચેતક બારોટ, અમેરીકા વાળા દિનેશભાઈ કંટારીયા, દિલીપભાઈ જસાણી, વિજય ઝાટકીયા, જીગ્નેશભાઈ છૈયા, હરસુખભાઈ ગરાળા, જીતુભાઈ પનારા, મનોજભાઈ ધ્રાંગા ઉપસ્થિત રહ્યા હતા



૧૩મી ઓક્ટોબર બોલીવુડ ફિલ્મ જગતનો પવિત્ર દિવસ હતો. એ દિવસે આપણા બધાના દિલમા વસેલ ગાયક, મ્યુઝિક કમ્પોસર, ફિલ્મ ડાયરેક્ટર, એક્ટર મસ્ત મૌલા કિશોર કુમાર આપણને બધાને છોડીને ચાલ્યા ગયા હતા. અમદાવાદના એક સ્ટુડિયોમા એમને શ્રદ્ધાંજલિ આપતો એક સુંદર કાર્યક્રમ યોજાઈ ગયો. એ દિવસે બોલીવુડના ૨ સુપ્રસિધ્ધ કલાકારો કે જેમણે દાયકાઓ ફિલ્મ જગતને આપી દિધા, એમ કહીયે કે એમણે પોતાની જિંદગી ખર્ચી નાખી. આ કલાકરો રેખાજી (૧૦મી ઓક્ટોબર) અને અમિતાભ બચ્ચનજી (૧૧મી ઓક્ટોબર)ના જન્મદિવસની એમના લોક્ચાહક ગીતો ગાઈને ઉજવણી પણ કરેલ. રેખા અને અમિતાભની સાથે કિશોર કુમારનો તડકો જાણેકે સોનામા સુગંધ જેવુ કામ કરતુ હતુ. અમદાવાદના ગાયક કલાકરો ધર્માબેન ભટ્ટ, મિલિબેન ચૌહણ, તેજસ શાહ, અશોક મોદી અને સંજય તન્નાએ આ ત્રણેય સુપ્રસિધ્ધ કલાકારો ને યાદ કરી એમના ગીતોની મનમોહક રજુઆત કરેલ હતી અને સાભળનારાઓને મંત્રમુગ્ધ કરી દિધા હતા અને સામે એમણે તાળીઓના ગડગડાતથી અને નાચીને દરેક ગીતો ને આવકાર્યા હતા. મિલી ચૌહાણે અને સંજય બારડે એન્કર તારીકે ની જવાબદારી ખૂબજ સારી રીતે નિભાવેલ...

# શિક્ષા મંત્રાલય ભારત સરકાર દ્વારા NBTI અંતર્ગત અમદાવાદ ખાતે ચાર દિવસીય અનુવાદ કાર્યશાળા યોજાઈ

તાજેતરમાં જ બાળ સાહિત્યને ધ્યાનમાં રાખીને શિક્ષા મંત્રાલય ભારત સરકાર દ્વારા એન.બી.ટી.આઈ. અંતર્ગત ચાર દિવસ માટે માતૃભાષા ગુજરાતીમાં બાળસાહિત્યનો અનુવાદ થઈ શકે તે હેતુથી અમદાવાદ ખાતે એક કાર્ય શાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અનુવાદ કાર્યશાળાનો હેતુ વિવિધ ભાષામાંથી માતૃભાષા ગુજરાતીમાં બાળ સાહિત્યને અનુવાદ કરીને ગુજરાતના બાળકો સુધી આ બાળ સાહિત્ય પહોંચતું કરવાનો છે . લગભગ દેશ અને વિદેશની ૫૫ જેટલી વિવિધ ભાષાઓમાંથી ઉત્તમ પ્રકારના બાળ સાહિત્યની પસંદગી કરીને હિન્દી અને અંગ્રેજી ભાષામાંથી ગુજરાતી ભાષામાં અનુવાદ કરવાના હેતુથી આ અનુવાદ કાર્ય શાળાનું આયોજન કરવામાં આવે છે. ગત વર્ષે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૭૫ જેટલા બાળ સાહિત્યના પુસ્તકોનો ગુજરાતીમાં અનુવાદ કરવામાં આવ્યો હતો . જ્યારે આ વર્ષે ૬૦ કરતા પણ વધારે બાળ સાહિત્યના પુસ્તકોનો ગુજરાતીમાં અનુવાદ કરવામાં આવ્યો છે. આ કાર્યનું સંચાલન શ્રી ભાગ્યેન્દ્રભાઈ પટેલ કર્યું હતું. તેમજ કાર્ય શાળાના ઉદ્ઘાટન સમયે મિલિંદ સુધાકર મરાઠે સાહેબ તેમજ પંકજ ગોસ્વામી સાહેબે વિશિષ્ટ ઉપસ્થિતિ આપી હતી. આ અનુવાદ કાર્ય શાળાની અંદર ગુજરાતના ખૂબ જ જાણીતા અનુભવી ૧૫ બાળ સાહિત્યકારો તેમજ નવોદિત બાળ સાહિત્ય કારોના જ્ઞાનનો લાભ લઈને અનુવાદ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના જાણીતા બાળસાહિત્યકારો યશવંત મહેતા, સાંકળચંદ પટેલ, નટવર પટેલ, અનિલ રાવલ, રવિન્દ્ર અંધારીયા, નટવર રાઘોલિયા, જીતુ નાયક,પાટીલ સાહેબ તેમજ નવોદિત બાળ સાહિત્યકારોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ગુજરાતના બાળ સાહિત્યકારો દ્વારા દેશ-વિદેશમાંથી ઉત્તમ કક્ષાના પ્રાપ્ત થતા બાળસાહિત્યના પુસ્તકોનો હિન્દી અને અંગ્રેજી ભાષા માંથી ગુજરાતીમાં અનુવાદ કરીને આપણા રાજ્યના બાળકોને આ બાળસાહિત્યનો લાભ મળે અને તેમના જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી શિક્ષા મંત્રાલય ભારત સરકાર દ્વારા એન.બી.ટી.આઈ. અંતર્ગત આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે





'સ્વચ્છતા હી સેવા' - અમદાવાદ જિલ્લો અમદાવાદના દસક્રોઈ તાલુકાના અસલાલી ગામે સ્વચ્છતા યજ્ઞ.જિલ્લા વિકાસ અધિકારી શ્રી મેહુલ દવેએ જાતે બસ સ્ટેશનમાં સફાઈ કરી આગેવાનો અને નાગરિકોનો ઉત્સાહ વધાર્યો.સ્વચ્છ અસલાલી, સ્વસ્થ અસલાલી માટે ગ્રામજનોએ વ્યક્ત કરી પ્રતિબદ્ધતા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.